# બનાસડેરીમાં આગ : બોઈલર ભસ્મીભૂત થયું

પાલનપુરમાં આવેલ બનાસડેરીના પાવર પ્લાન્ટમાં આજે સાંજના સુમારે અચાનક આગ ભભુકી ઉઠી હતી. અચાનક લાગેલી આગથી કર્મચારીઓ હેબતાઈ જતા નાસભાગ મચી જવા પામી હતી. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરતા ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવતા આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં ડેરીનું બોઈલર બળીને ભસ્મીભૂત થઈ જવા પામ્યું છે.

# શૈક્ષણિક નગરી મોડાસામાં વિદ્યાર્થીઓને બસ પાસ કઢાવવામાં પડતી તકલીફો

મોડાસા, તા. ૧૧

ગુજરાત રાજ્ય સરકાર ગુજરાતનું દરેક બાળક શિક્ષાપ્રાપ્તિ કરી શકે તેના માટે હંમેશા તત્પર રહે છે. અરવલ્લી જિલ્લાના શિક્ષણનગરી તરીકે રાજ્યભરમાં



જાણીતા મોડાસા શહેરમાં વિવિધ શહેરોમાંથી તેમજ આજુબાજુના ગામડાઓમાંથી હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ, અભ્યાસ માટે આવે છે, પરંતુ વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એસ.ટી. વિભાગમાંથી આપવામાં આવતા રાહતદરના પાસ માટે પાસ મેળવવા ૩ થી ૪ દિવસ સુધી સતત અભ્યાસ બગાડી લાઈનમાં ઉભા રહી પાસ માટે મથામણ કરતા નજરે પડે છે.

મોડાસા શહેરમાં આજુબાજુના તાલુકાઓમાંથી તેમજ અંદાજે ૫૦ કિલોમીટરના અંતરે આવેલા ગામડાઓમાંથી દરરોજ હજારોની સંખ્યામાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ મોટે ભાગે મધ્યમવર્ગીય તેમજ ગરીબી અવસ્થામાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાના લક્ષ માટે આવતા હોય છે. પરંતુ સમયસર એસ.ટી. વિભાગ દ્વારા પાસ કાઢી આપવામાં ન આવતા આમાના કેટલાક ગરીબ વિદ્યાર્થીઓને તેમના મા-બાપ મુસાફરીના ખર્ચ પેટે બોજ સહન ન કરી શકતા અભ્યાસ અધુરો છોડી દેવા મજબૂર બને છે. મોડાસા એસ.ટી. ડેપો તંત્ર દ્વારા બસ સ્ટેન્ડની અંદર પાસ કાઢવા માટે વધારે કર્મચારીઓની સગવડ કરે તેવી વિદ્યાર્થીઓની માંગણી છે.

કેટલાક વિદ્યાર્થીઓ મિત્રો

(તસવીર : જય અમીન, મોડાસા)

ભણવાને બદલે જાણે મોડાસા શહેરમાં ફક્ત પાસ કઢાવવા માટે જ આવતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. જો એસ.ટી. બસનો પાસ ના નિકળે તો તેમની મુસાફરીનો ખર્ચ કુટુંબના બોજનો એક ભાગ બની જતો હોવાથી સતત તડકાની કે ભૂખની ચિંતા કર્યા વગર આગળ તેમનું ભાવિ તેજસ્વી અને સતત અભ્યાસ ચાલુ રહે તેના માટે પાસની બારી આગળ સવારથી જ ખડેપગે ઉભા રહેલા જોવા મળે છે. વિદ્યાર્થીની બહેનો પણ અભ્યાસ માટે સતત પ્રયત્નશીલ હોવાથી બહેનો પણ લાંબી લાંબી લાઈનની કતારો જોવા મળી રહી છે.

# મહેસાણામાં ટ્રાફિક પોલીસની કામગીરી સામે પ્રજામાં રોષ

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લા પોલીસ દ્વારા ટ્રાફિક નિયમનના પાલન માટે ટ્રાફિકને લગતા નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે શરૂ કરાયેલ કાયદાકીય કાર્યવાહીમાં મુખ્યત્વે સામાન્ય નાગરિકોના ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોને નિશાન બનાવીને દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે. જ્યારે હમાના પ્રતાપે એસ.ટી. બસોની સમાંતર ગેરકાયદે અમર્યાદિત મુસાફરોના હેરાફેરી કરનારા ખાનગી વાહન ચાલકો સામે કોઈ પગલા ભરાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

આ ઉપરાંત સરકારી વાહનોને પણ બાકાત રાખવામાં આવી રહ્યા છે. આમ કાયદાના પાલનમાં પોલીસની બેધારી નીતિ રીતિથી લોકોમાં પોલીસતંત્ર સામે ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે. જિલ્લામાં ખાસ કરીને ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાનો માર્ગો પર અટકાવીને પોલીસ દ્વારા દંડનીય કાર્યવાહી કરાય છે.

દરમિયાન ઊંઝા ખાતે હાઈવે પર આવેલ એસ.ટી. બસ મથકની આસપાસ છેલ્લા ઘણા વર્ષોથી ખાનગી વાહનોના અડ્ડા જામે છે. આવા વાહનો એસ.ટી. બસની સમાંતર અમર્યાદિત મુસાફરો ભરીને ઊંઝાથી મહેસાણા, વિસનગર, પાટણ, સિદ્ધપુર તેમજ નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં આંટાફેરા મારે છે. બસ સ્ટેશનની આસપાસ ચોક્કસ વિસ્તાર સુધી ખાનગી વાહનોને થોભાવાની સખ્ત મનાઈ છે અને આ બાબતે જિલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડેલ છે તેમ છતા કહેવાતા હમાઓના પ્રતાપે આવા ખાનગી વાહનોને કોઈ આંચ આવતી નથી.

## બનાસકાંઠા ભાજપ દ્વારા હરિભાઈ ચૌધરીનો અભિવાદન સમારોહ યોજાશે

પાલનપુર, તા. ૧૧

કેન્દ્રીય મંત્રીમંડળમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા બનાસકાંઠાના સાંસદ હરીભાઈ ચૌધરીનો ગૃહ રાજ્યમંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યા બાદ હરીભાઈ ચૌધરી પ્રથમ વખત બનાસકાંઠા ખાતે આવશે ત્યારે ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા દ્વારા તેમનો અભિવાદન સમારોહ તા. ૧૨ નવેમ્બર-૨૦૧૪ ને બુધવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે મહેશ્વરી હોલ, બિજેશ્વરી કોલોની રોડ પાલનપુર ખાતે યોજાશે. આ અભિવાદન સમારોહમાં બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી રમણલાલ વોરા, પ્રદેશ મહામંત્રી અને રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, જિલ્લા ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, પૂર્વમંત્રી કાન્તીભાઈ કચોરીયા, હરજીવનભાઈ પટેલ, પરબતભાઈ પટેલ, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ રાણાભાઈ દેસાઈ, હરેશભાઈ જાની સહીત સમગ્ર જિલ્લામાંથી ભાજપના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહેશે.

# મોડાસા શહેરમાં શાળા કોલેજની આજુબાજુ સરકારી નિયમનું ઉલ્લંઘન

મોડાસા, તા.૧૧

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સમાજની પેઢીનો વિકાસ સારો થાય

અને વ્યસનથી જોજન દૂર રહે તેના માટે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા વટહુકમ કે શાળા અને કોલેજની આજુબાજુની અંદર આવેલા ૧૦૦ મીટરના ત્રિજીયામાં પાન મસાલાની દુકાનો કે ગલ્લાનું અસ્તિત્વ જ ના હોવું જોઈએ પરંતુ તદ્દન આના વિરૂધ્ધ મોડાસા શહેરની શાળા અને કોલેજની બહાર ૧૦૦ મીટરના એરીયામાં ખુલ્લે આમ પાન-ગલ્લાવાળા દ્વારા તમાકુ, બીડી, સિગરેટનો વેપાર કરવામાં આવે છે છતાં તંત્ર દ્વારા મૌન ધારણ કરી લેવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર જાણે સરસ્વતી માની મહેર હોય તે રીતે શિક્ષણજગત તરીકે ખુબ જ જાણીતું છે મોડાસા શહેરમાં બહુ મોટી સંખ્યાના પ્રમાણમાં સરકારી શાળાઓ તથા ખાનગી શાળાઓ તેમજ કોલેજો અસ્તિત્વ ધરાવે છે. અહીં અભ્યાસ પ્રાપ્ત કરવા માટે હજારોની સંખ્યામાં વિદ્યાર્થી મિત્રો તેમજ નાના ભૂલકાઓ

(તસવીર : જય અમીન, મોડાસા)

આવે છે અને આવા બાળકો શાળાની બહાર આવેલા પાન ગલ્લાવાળાઓના કારણે તેમજ ત્યાં ઉભા રહીને વ્યસન કરતા મોટેરાઓને જોઈને બાળકો પણ વ્યસન કરવા માટે લલચાય છે અને નબળું બાળમાનસ ધરાવતા બાળકો વ્યસન કરતા થઈ જાય છે. કેટલાક સામાજીક કાર્યકર્તાઓએ આવા ફાટી નીકળેલા દુકાનોના રાફડાને તાત્કાલિક ધોરણે શિક્ષણ વિભાગ દ્વારા સત્વરે બંધ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# પાલનપુર-ધાનેરામાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા. ૧૧

પાલનપુર અને ધાનેરા તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) આગામી તા. ૨૯મી નવેમ્બર-૨૦૧૪ ના રોજ પાલનપુર મુકામે કર્મચારી કલ્યાણતંત્ર ભવનમાં સવારના ૧૦ કલાકે અને ધાનેરા મામલતદાર કચેરી ખાતે બપોરે ૩.૦૦ વાગે કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધન મંત્રી તથા જિલ્લાના સહપ્રભારીમંત્રી તારાચંદ છેડાની અધ્યક્ષતામાં યોજાનાર છે. આ કાર્યક્રમમાં આપના વણઉકેલ્યા પ્રશ્નોના નિકાલ માટે આપની અરજીઓ મંગાવવામાં આવે છે. જેમાં સેવા વિષયક, કોર્ટમાં પડતર હોય તેવી બાબતો, જમીન/મિલ્કત સંબંધી દાવાઓ, દિવાની કોર્ટમાં પડતર હોય કે પડકારપાત્ર હોય તેવી બાબતો સિવાયના પ્રશ્નો આવકાર્ય છે. દા.ત. હક્કપત્રકની નોંધો, વારસાઈ, વિધવા સહાય, વૃદ્ધ સહાય, નિરાધાર અપંગ સહાય, રેશનકાર્ડ, જાતિ/આવકના દાખલા, પીવાના પાણી, વીજ કનેક્શન, યોજનાકીય લાભો, સ્વચ્છતા સફાઈને લગતી ફરિયાદ વગેરેને લગતાં પ્રશ્નો ચર્ચાશે.

કોઈ એક અરજદાર વધુમાં વધુ બે પ્રશ્નોની રજુઆત કરી શકશે. અરજીના મથાળે લોક સંવાદ સેતુ (લોક દરબાર)નો પ્રશ્ન લખવાનો રહેશે. પાલનપુર તાલુકાના અરજદારોએ પોતાના પ્રશ્નો પાલનપુર મામલતદાર કચેરી, મુ. તા. પાલનપુર (ટેલીફોન નં./ફેક્સ નં. ૨૭૪૨-૨૫૭૨૬૧) અને ધાનેરા તાલુકાના અરજદારોએ મામલતદાર કચેરી, ધાનેરા મુ.તા. ધાનેરા (ટેલિફોન નં./ફેક્સ નં. -૦૨૭૪૮-૨૨૨૦૨૪)ની કચેરીમાં કચેરી સમય દરમ્યાન (સવારના ૧૦.૩૦ કલાકથી સાંજના ૬.૧૦ કલાક) લેખિતમાં તા. ૧૭-૧૧-૨૦૧૪ સુધીમાં રજુ કરવાના રહેશે. અરજદારે અરજીમાં પોતાનો કોન્ટેક નંબર લખવાનો રહેશે.

# પાલનપુર મર્ડર કેસના આરોપીઓ ચાર દિવસના રિમાન્ડ પર

પાલનપુર, તા.૧૧

પાલનપુરમાં બે દિવસ પૂર્વે એક યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. હત્યાના આરોપીઓને આજે કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

અનૈતિક સંબંધના કારણે લોહીની નદી વહેવડાવવામાં આવી છે. પાલનપુરના કિર્તી સ્થંભ રોડ પર આવેલ બનાસ હેલ્થ લેબોરેટરીમાં બે દિવસ પૂર્વે રજનીશ ઉર્ફે જગદીશ સોલંકીની તીક્ષ્ણ હથિયારના ઘા મારી કરપીણ હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ મર્ડર કેસને ગણતરીના સમયમાં ઉકેલી કાઢી હત્યારાઓને ઝડપી પાડયા હતા જેમાં રમેશ ધર્મા પરમાર અને તેનો બનેવી વિનોદ ભેમજી ચૌહાણને પોલીસે ઝડપી લઈ જેલ હવાલે કર્યા હતા. આજે બંને આરોપીઓને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા કોર્ટે આરોપીઓને વધુ પુછપરછ માટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં પ્રજાપતિ યુવક મંડળનો સ્નેહ મિલન કાર્યક્રમ કુંભારવાડના અભિલાષા પાર્ક ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ જોડાયા હતા.

સમાજના નવ યુવાનો દ્વારા આયોજીત આ સંમેલનમાં તમામ જ્ઞાતિબંધુઓએ એક છત નીચે એકઠા થઈ પરસ્પર શુભેચ્છાઓ પાઠવી હતી. સમાજના યુવાનીની આ કામગીરી જોઈ સમાજના યુવાનોએ કરી કરેલી નવી પહેલને સમાજના વડીલ અને આગેવાનોએ બિરદાવી હતી અને આવા કાર્યક્રમો વાર તહેવારે આયોજીત કરવા અપીલ કરી હતી. અંતે ડી.જે.ના તાલે જ્ઞાતિબંધુઓ ગરબે ઝુમ્યા હતા.

(તસવીર : સમીર/જીતુ પટેલ)

# મનરેગા યોજના હેઠળ કરાર આધારીત કર્મચારીઓને માસિક ૮૦૦૦ વેતન અપાશે

ગાંધીનગર, તા.૧૧

રાજ્ય સરકારે મનરેગા હેઠળ કરાર આધારીત કામ કરતા કર્મચારીઓને વર્ષ ૨૦૧૧ થી અત્યાર સુધીમાં વહીવટી ખર્ચ માટે રૂ. ૩૭.૮૫ કરોડની ફાળવણી કરી છે. રાજયમાં મનરેગા યોજના હેઠળ કામ કરતા કરાર આધારિત કર્મચારીઓને હાલમાં પગાર પેટે રૂ. ૭૦૦૦ અને રૂ. ૧૦૦૦ મોંઘવારી ભથ્થુ એમ કુલ રૂ. ૮૦૦૦ માસિક વેતન આપવાની જોગવાઈ કરવામાં આવી છે તેમ આજે તેરમી વિધાનસભાના પાંચમા સત્રમાં ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નોના પ્રત્યુત્તર આપતા રાજયકક્ષાના ગ્રામ વિકાસ મંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે મનરેગા યોજના હેઠળ કામ કરતા કરાર આધારિત કર્મચારીની ભરતી ૧૧ મહિનાના કરારથી કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨માં કર્મચારીઓના વહીવટી ખર્ચ માટે રૂ.૧૯ કરોડ, ૨૦૧૨-૧૩માં રૂપિયા ૧૪ કરોડ અને છેલ્લા વર્ષમાં રૂપિયા ૪.૮૫ કરોડ એમ કુલ રૂપિયા ૩૭.૮૫ કરોડ ફાળવાયા છે. વધુમાં વલસાડ જિલ્લામાં તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ મનરેગા યોજના હેઠળ કરાર આધારીત કામ કરતા કોઈ પણ કર્મચારીને ફરજ મુકત કરવામાં આવ્યા નથી તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Rajlic

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ્ડ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦